અગ્રતા ક્રમ: 03

વિભાગ :- શ્રમ, કૌશલ્ય, વિકાસ અને રોજગાર વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : **૧૫/૪/૧૮૨૮**

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથુ સત્ર

વિધાનસભામાં જવાબ આપવાની તારીખ: ૨૬/૦૨/૨૦૨૪

પ્રશ્નનું શીર્ષક : **પંચમહાલ જિલ્લામાં ઔદ્યૌગિક એકમોમાં પ્રાણઘાતક અકસ્માત**

પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર:

માન. ધારાસભ્યશ્રી ફતેસીંહ વખતસીંહ ચૌહાણ(કાલોલ)

અગ્રતા ક્રમ : 03

# વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૮૨૮

## અનુક્રમણિકા


| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન | |
| | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ | |
| | પૂરક નોંધ | |
| **પેટા પ્રશ્ન-૧** | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જીલ્લામાં કેટલા સેફ્ટી સેમીનાર/તાલીમો યોજવામાં આવેલ છે? | શ્રી ફતેસિંહ ચૌહાણ (કાલોલ) |
| **પેટા પ્રશ્ન-૨** | પ્રાણઘાતક અકસ્માતના કિસ્સામાં કુલ કેટલા શ્રમયોગીઓને કાયદેસર અને રહેમરાહે કેટલું વળતર ચુકવવામાં આવેલ છે? | શ્રી ફતેસિંહ ચૌહાણ (કાલોલ) |
| **પેટા પ્રશ્ન-3** | પ્રાણઘાતક અકસ્માતના કિસ્સામાં શ્રમિકોને વળતર ક્યા ધોરણે ચુકવવામાં આવે છે? | શ્રી રમેશભાઇ કટારા (ફતેપુરા) |
| **પેટા પ્રશ્ન-૪** | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પંચમહાલ જીલ્લામાં કુલ કેટલા કારખાનાઓ કારખાના ધારા હેઠળ નોંધાયેલ છે? | શ્રી રમેશભાઇ કટારા (ફતેપુરા) |
| **પેટા પ્રશ્ન-૫** | કારખાના ધારા ૧૯૪૮ હેઠળ કારખાનાની વ્યાખ્યા શું છે? | શ્રી મહેશભાઇ ભુરિયા (ઝાલોદ) |

| | | |
|---|---|---|
| **પેટા પ્રશ્ન-૬** | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જીલ્લામાં કેટલા કારખાનાની તપાસણી કરવામાં આવેલ છે**?** | |
| **પેટા પ્રશ્ન-૭** | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન બનેલ પ્રાણઘાતક અકસ્માતમાં શું કાર્યવાહી કરવામાં આવેલ છે**?** | |
| **પેટા પ્રશ્ન-૮** | કારખાના ધારા હેઠળનાં ગુના માટે સજાની શું જોગવાઈ છે**?** | |
| **પેટા પ્રશ્ન-૯** | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જીલ્લામાં કેટલા ઔદ્યોગિક એકમોમાં જાનહાનીના બનાવો બનેલ છે અને કેટલા શ્રમિકોના મૃત્યુ થયેલ છે**?** તથા કેટલા શ્રમિકો ઘાયલ થયેલ છે. | |
| **પેટા પ્રશ્ન-૧૦** | ઉપરોક્ત સમયગાળા દરમ્યાન પંચમહાલ જીલ્લામાં કુલ કેટલા કારખાના સામે કેટલા કેસ કરેલ છે. | |
| **પેટા પ્રશ્ન-૧૧** | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન કેટલા કેસ નોધાયા અને કેટલા કેસોનો નિકાલ થયો તથા હાલમાં કેટલા કેસો પડતર છે? | |

મેઈન પેજ પર જાઓ

# વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન

તારાંકિત પ્રશ્ન

ક્રમાંક: પ્ર/

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1828

વિષય:

પંચમહાલ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં પ્રાણઘાતક અકસ્માત

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 19/01/2024 | તારીખ 20/02/2024 | 06/02/2024 |

*15/4/1828 શ્રી ફતેસિંહ વખતસિંહ ચૌહાણ(કાલોલ)

શ્રમ અને રોજગાર જણાવવા કૃપા કરશે કે:-

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં કેટલા પ્રાણઘાતક અકસ્માત થયા અને કેટલા શ્રમયોગીઓ મૃત્યુ પામ્યા,

(૨) ઉક્ત પ્રાણઘાતક અકસ્માતો સંદર્ભમાં સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) ઉક્ત અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે?

----

## મેઈન પેજ પર જાઓ

# વિભાગે કરેલ જવાબ

**પંચમહાલ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં પ્રાણઘાતક અકસ્માત**

*** ૧૫/૪/૧૮૨૮ શ્રી ફતેસીંહ વખતસીંહ ચૌહાણ (કાલોલ) : માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં કેટલા પ્રાણઘાતક અકસ્માત થયા અને કેટલા શ્રમયોગીઓ મૃત્યુ પામ્યા, | (૧) ૦૧ પ્રાણઘાતક અકસ્માત<br>૦૧ શ્રમયોગીનું મૃત્યુ |
| (૨) ઉક્ત પ્રાણઘાતક અકસ્માતો સંદ ર્ભમાં સરકારે શી કાર્યવાહી કરી, અને | (૨) ૦૧ કારખાના સામે ૦૧ કેસ નામદાર કોર્ટ ખાતે દાખલ કરેલ છે. |
| (૩) ઉક્ત અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા શાં પગલા લેવામાં આવેલ છે? | (૩) (૧) કારખાનાઓમાં, કારખાના અધિનિયમ ૧૯૪૮ અને ગુજરાત કારખાનાના નિયમો ૧૯૬૩ મુજબ નિરિક્ષણ કરવામાં આવેલ છે.<br>(૨) નિરિક્ષણ દરમ્યાન સદરહુ કાયદા તથા નિયમનો ભંગ જણાય ત્યાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.<br>(૩) શ્રમયોગીઓ તથા કબ્જેદારોમાં ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી અને હેલ્થ અંગે જાગૃતિ વધારવા સેફ્ટી સેમિનારોનું આયોજન કરેલ છે. |

---

ગૃહમાં જવાબ આપવાની તા:૨૬/૨/૨૦૨૪

ક:વસપ/૧૦૨૦૨૪/તા.પ્ર.-૩૪/મ(૩)
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૧૩/૦૨/૨૦૨૪

પ્રતિ,
સચિવશ્રી,

ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગરના તા.૦૬/૦૨/૨૦૨૪ના પત્ર અનુસંધાને જવાબ અપલોડ કરેલ છે.

(ગગુભા રાજ)
નાયબ સચિવ(શ્રમ)
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

નકલ રવાના: –
(૧) માન. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.

મેઈન પેજ પર જાઓ

## પ્રશ્નનું મુખ્ય હાર્દ

- પ્રસ્તુત વિધાનસભા પ્રશ્ન ઔદ્યોગિક એકમોમાં અકસ્માત થાય અને તેમાં કોઈ શ્રમયોગીઓનું મુત્યુ થાય તેવા કિસ્સામાં સરકારે કરવાની થતી કાર્યવાહીના સંદર્ભમાં છે.
- જ્યારે કોઈ ઔદ્યોગિક એકમમાં અકસ્માત થાય ત્યારે તે સંબંધીત કાર્યવાહી શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના નિયામકશ્રી ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય તંત્ર દ્વારા કરવામાં આવે છે.
- ઉક્ત કચેરીના અધિકારીઓ ઔદ્યોગિક એકમોમાં અકસ્માતના સ્થળની મુલાકાત લઈ, કારખાના ધારા, ૧૯૪૮ હેઠળ એકમની તપાસણી કરે છે.
- જો કોઈ શ્રમયોગી / કર્મચારીનું અવસાન થયેલ હોય તો તાત્કાલિક સહાય પેટે માલિક તરફથી માનવતાના ધોરણે રહેમરાહે વળતર અપાવવાના પ્રયત્ન તંત્ર દ્વારા કરવામાં આવે છે.
- જો ઔદ્યાગિક એકમ કામદાર રાજ્ય વિમા યોજના હેઠળ આવતુ હોય તો કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ માસીક પેન્શન સહાય ચુકવવામાં આવે છે.
- જો ઔદ્યોગિક એકમ કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ આવતું ન હોય તો કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ હેઠળ લેબર કોર્ટ દ્વારા કાયદેસરના વારસદારોને વળતર ચુકવવા ઔદ્યોગિક એકમોને હુકમ કરવામાં આવે છે.
- ઔદ્યોગિક એકમ સામે સાવચેતીના પગલા ન લેવા અંગે નામદાર કોર્ટમાં ફોજદારી કેસ કરવામાં આવે છે અને ન્યાયિક પ્રક્રિયા કરી અદાલત દ્વારા કારખાના સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવે છે.

મેઈન પેજ પર જાઓ

# કારખાનાઓમાં થતા અકસ્માતોમાં વળતર

કારખાના ધારા હેઠળ નોંધાયેલ કારખાનાઓ માં જ્યારે અકસ્માત થાય ત્યારે મૃત્યુ પામેલ શ્રમયોગી અથવા ઇજાને કારણે કાયમી અપંગતા આવે તેવા સંજોગોમા વળતર આપવા માટે ૨ (બે) કાયદા અસ્તિત્વ માં છે.

(૧) કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩

(૨) કામદાર રાજ્ય વિમા અધિનિયમ ૧૯૪૮

જે વિસ્તાર કામદાર રાજ્ય વિમા અધિનિયમ ૧૯૪૮ હેઠળ નોટીફાય થયેલ હોય અને શ્રમયોગીની માસિક આવક રૂ. ૨૧૦૦૦ (એકવીસ હજાર) સુધી હોય તેઓને ભારત સરકારના કાયદા ‘કામદાર રાજ્ય વિમા અધિનિયમ ૧૯૪૮’ હેઠળ આવરી લેવામા આવે છે અને આ કાયદા હેઠળ આવરી લેવાયેલ શ્રમયોગીઓ ને સદરહુ કાયદા હેઠળ નિયમાનુસાર માસિક પેંશન ભારત સરકારના કામદાર રાજ્ય વિમા નીગમ દ્વારા આપવામા આવે છે જ્યારે જે શ્રમયોગીઓ કામદાર રાજ્ય વિમા અધિનિયમ હેઠળ આવરી લેવામા આવેલ ન હોય તેવા શ્રમયોગીઓને કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ ની જોગવાઇ મુજબ માનનીય લેબર કોર્ટના જજ સમક્ષ નિયમાનુસાર રીકવરી દાખલ કર્યા બાદ વળતર ચુકવવાની કાર્યવાહી કરવામાં આવે છે.

મેઈન પેજ પર જાઓ

# પૂરક નોંધ

ગુજરાત સરકારના સઘન પ્રયાસથી શ્રમ અને રોજગાર વિભાગનાં નિયામક ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય તંત્ર દ્વારા તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જીલ્લામાં કારખાનાઓમાં, કારખાના અધિનિયમ-૧૯૪૮ અને ગુજરાત કારખાનાના નિયમો ૧૯૬૩ મુજબ કુલ-૩૮૪ કારખાનાની તપાસણી કરવામાં આવેલ છે. તથા આ નિરિક્ષણ દરમ્યાન સદરહું કાયદા તથા નિયમનો ભંગ જણાય ત્યાં કાયદેસરની કાર્યવાહી કરી ફોજદારી કેસ નામદાર કોર્ટમાં દાખલ કરવામાં આવે છે. વધુમાં શ્રમયોગીઓ તથા કબજેદારમાં ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી અને હેલ્થ અંગે જાગૃતિ વધારવા તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જીલ્લામાં કુલ-૧૮ સેફટી સેમિનારોનુ આયોજન કરેલ છે જેમા કુલ-૧૫૩૦ શ્રમયોગીઓએ ભાગ લીધેલ હતો. વર્ષ ૨૦૨૩ માં પંચમહાલ જિલ્લામાં કુલ ૦૧ કારખાનામાં તા. ૦૨/૧૨/૨૩ ના રોજ ૦૧ પ્રાણઘાતક અકસ્માત થયેલ છે તેમા ૦૧ શ્રમયોગીનું મૃત્યુ થયેલ છે. સદરહું અકસ્માત અન્વયે કારખાનાદાર સામે નામદાર કોર્ટમાં એક ફોજદારી કેસ દાખલ કરવામાં આવેલ છે. તંત્રના પ્રયત્નોથી મૃતક શ્રમયોગીના વારસદારોને માનવતાના ધોરણે કુલ રૂ. ૮,૦૦,૦૦૦ (આઠ લાખ રૂપિયાનું) વળતર અપાવેલ છે. તથા કાયદેસરના વળતર બાબતે વળતર અધિનિયમ હેઠળ કાર્યવાહી ચાલુ છે.

મેઈન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમ: 03 | |
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: **૧૫/૪/૧૮૨૮** | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી ફતેસિંહ ચૌહાણ ( કાલોલ ) | |
| | |
| પેટા પ્રશ્ન ૧ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જીલ્લામાં કેટલા સેફ્ટી સેમીનાર/તાલીમો યોજવામાં આવેલ છે**?** |
| **જવાબ** | પંચમહાલ જીલ્લામાં ઉપરોક્ત સમયગાળા દરમ્યાન કુલ-૧૮ સેફ્ટી સેમીનાર/તાલીમો યોજવામાં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે. |

| તાલુકાનુ નામ | સેફ્ટી સેમીનાર/ટ્રેનીગ પ્રોગ્રામ ની સંખ્યા | હાજર રહેલ શ્રમયોગીઓ ની સંખ્યા |
|---|---|---|
| હાલોલ | ૧૩ | ૧૦૩૫ |
| કાલોલ | ૨ | ૨૧૫ |
| ગોધરા | ૨ | ૧૫૦ |
| મોરવા (હ) | ૦ | ૦ |
| ઘોઘંબા | ૧ | ૧૩૦ |
| જામ્બુઘોડા | ૦ | ૦ |
| શહેરા | ૦ | ૦ |
| કુલઃ- | ૧૮ | ૧૫૩૦ (એક હજાર પાંચસો ત્રીસ) |

મેઈન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમ: 03 | |
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: **૧૫/૪/૧૮૨૮** | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી ફતેસિંહ ચૌહાણ ( કાલોલ ) | |
| | |
| પેટા પ્રશ્ન ૨ | પ્રાણઘાતક અકસ્માતના કિસ્સામાં કુલ કેટલા શ્રમયોગીઓને કાયદેસર અને રહેમરાહે કેટલું વળતર ચુકવવામાં આવેલ છે**?** |
| **જવાબ** | પંચમહાલ જિલ્લામાં ઉપરોક્ત સમયગાળા દરમ્યાન ઔદ્યોગિક એકમોમાં કુલ-૦૧ પ્રાણઘાતક અકસ્માત બનેલ જે અંતર્ગત શ્રમિકનાં વારસદારને કાયદેસર વળતર પેટે ‘કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩’ હેઠળ કાર્યવાહી ચાલુ છે**,** અને રહેમરાહે કુલ-૮,૦૦,૦૦૦/- (આઠ લાખ) રુપિયા ચુકવવામાં આવેલ છે. |

મેઈન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ: 03 | |
|---|---|
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: **૧૫/૪/૧૮૨૮** | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી રમેશભાઇ કટારા ( ફતેપુરા ) | |
| | |
| પેટા પ્રશ્ન 3 | પ્રાણઘાતક અકસ્માતના કિસ્સામાં શ્રમિકોને વળતર ક્યા ધોરણે ચુકવવામાં આવે છે**?** |
| **જવાબ** | પ્રાણઘાતક અકસ્માતના કિસ્સામાં મૃત્યુ પામનાર શ્રમિકોના વારસદારોને વળતર બે રીતે ચુકવવામાં આવે છે. જે કારખાનાને કામદાર રાજય વીમા અધિનિયમ ૧૯૪૮ ની જોગવાઇઓ લાગુ પડતી હોય ત્યાં કામદાર રાજય વીમા અધિનિયમ ૧૯૪૮ હેઠળ વળતર ચુકવવામાં આવે છે અથવા જયાં કામદાર રાજય વીમા યોજના કાયદો નોટીફાઇડ એરીયા ન હોય ત્યાં કામદાર વળતર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ વર્કમેન કમ્પેન્સેશન ઓથોરીટી (વળતર કમિશ્નર) દ્વારા વળતર ચુકવવામાં આવે છે. |

મેઈન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમ: 03 | |
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: **૧૫/૪/૧૮૨૮** | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી રમેશભાઇ કટારા ( ફતેપુરા ) | |
| | |
| પેટા પ્રશ્ન ૪ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પંચમહાલ જીલ્લામાં કુલ કેટલા કારખાનાઓ કારખાનાના ધારા હેઠળ નોંધાયેલ છે**?** |
| **જવાબ** | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ પંચમહાલ જીલ્લામાં કુલ-૯૭૬ કારખાના કારખાનાના ધારા હેઠળ નોંધાયેલ છે. જેની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે. |

| ક્રમ | તાલુકાનુ નામ | કુલ કારખાનાની સંખ્યા |
|---|---|---|
| ૧ | હાલોલ | ૬૧૧ |
| ૨ | કાલોલ | ૧૬૭ |
| ૩ | ગોધરા | ૧૮૪ |
| ૪ | મોરવા (હ) | ૬ |
| ૫ | ઘોઘંબા | ૪ |
| ૬ | જામ્બુઘોડા | ૧ |
| ૭ | શહેરા | ૩ |
| | કુલ | ૯૭૬ (નવસો છોતેર) |

મેઈન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમ: 03 | |
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૮૨૮ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી મહેશભાઇ ભુરિયા ( ઝાલોદ ) | |
| | |
| પેટા પ્રશ્ન ૫ | કારખાના ધારા ૧૯૪૮ હેઠળ કારખાનાની વ્યાખ્યા શું છે**?** |
| **જવાબ** | કારખાનાની વ્યાખ્યા : જે સ્થળ પર ૧૦ કે તેથી વધુ કામદારોને રોકીને વીજળીશક્તિની મદદથી ઉત્પાદન પ્રક્રિયા કરવામા આવતી હોય અથવા જે સ્થળ પર ૨૦ કે તેથી વધુ કામદારોને રોકીને વીજળીશક્તિની મદદ વગર ઉત્પાદન પ્રક્રિયા કરવામા આવતી હોય તેવા સ્થળને કારખાના તરીકે કારખાના ધારા ૧૯૪૮ હેઠળ નોંધણી કરવામા આવે છે. |

મેઈન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમ: 03 | |
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: **૧૫/૪/૧૮૨૮** | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: | |
| | |
| પેટા પ્રશ્ન ૬ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જીલ્લામાં કેટલા કારખાનાની તપાસણી કરવામાં આવેલ છે**?** |
| **જવાબ** | પંચમહાલ જીલ્લામાં ઉપરોક્ત સમયગાળા દરમ્યાન કુલ-૩૮૪ કારખાનાની તપાસણી કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે. |

| ક્રમ | જીલ્લાનુ નામ | તાલુકાનુ નામ | તપાસણીની સંખ્યા |
|---|---|---|---|
| ૦૧ | પંચમહાલ | હાલોલ | ૨૬૪ |
| | | કાલોલ | ૪૭ |
| | | ગોધરા | ૬૭ |
| | | મોરવા (હ) | ૦૧ |
| | | ઘોઘંબા | ૦૫ |
| | | જામ્બુઘોડા | ૦૦ |
| | | શહેરા | ૦૦ |
| કુલ | | | ૩૮૪ (ત્રણસો ચોર્યાસી) |

[મેઈન પેજ પર જાઓ]

| | |
|---|---|
| અગ્રતા ક્રમ: 03 | |
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૮૨૮ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: | |
| | |
| પેટા પ્રશ્ન ૭ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન બનેલ પ્રાણઘાતક અકસ્માતમાં શું કાર્યવાહી કરવામાં આવેલ છે**?** |
| **જવાબ** | ઉક્ત સમયગાળા દરમિયાન કુલ-૦૧ પ્રાણઘાતક અકસ્માત થયેલ, જે સંદર્ભે કુલ-૦૧ કારખાના સામે કુલ-૦૧ કેસ નામદાર કોર્ટ ખાતે દાખલ કરેલ છે. |

મેઈન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમ: 03 | |
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: **૧૫/૪/૧૮૨૮** | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: | |
| | |
| પેટા પ્રશ્ન ૮ | કારખાના ધારા હેઠળનાં ગુના માટે સજાની શું જોગવાઈ છે**?** |
| **જવાબ** | કારખાના ધારા ૧૯૪૮ની કલમ-૯૨ હેઠળ ૧ (એક) લાખ રૂપિયા સુધીના દંડ અથવા ૨(બે) વર્ષ સુધીની સજા અથવા બન્ને ની જોગવાઇ છે. |

મેઈન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ: 03 | |
|---|---|
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: **૧૫/૪/૧૮૨૮** | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: | |
| | |
| પેટા પ્રશ્ન ૯ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જીલ્લામાં કેટલા ઔદ્યોગિક એકમોમાં જાનહાનીના બનાવો બનેલ છે અને કેટલા શ્રમિકોના મૃત્યુ થયેલ છે**?** તથા કેટલા શ્રમિકો ઘાયલ થયેલ છે. |
| **જવાબ** | પંચમહાલ જિલ્લામાં ઉપરોક્ત સમયગાળા દરમ્યાન કુલ-૦૧ ઔદ્યોગિક એકમમાં કુલ-૦૧ પ્રાણઘાત અકસ્માત બનેલ છે જેમ કુલ-૦૧ શ્રમિકનું મૃત્યુ થયેલ છે તથા અન્ય કોઇ શ્રમિક ઘાયલ થયેલ નથી. |

મેઈન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમ: 03 | |
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: **૧૫/૪/૧૮૨૮** | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: | |
| | |
| પેટા પ્રશ્ન ૧૦ | ઉપરોક્ત સમયગાળા દરમ્યાન પંચમહાલ જીલ્લામાં કુલ કેટલા કારખાના સામે કેટલા કેસ કરેલ છે. |
| **જવાબ** | ઉપરોક્ત સમયગાળા દરમ્યાન પંચમહાલ જીલ્લામાં કુલ- ૨૧ કારખાના સામે કુલ-૫૪ ફોજદારી કેસો નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે. |

મેઈન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમ: 03 | |
| વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: **૧૫/૪/૧૮૨૮** | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: | |
| | |
| પેટા પ્રશ્ન ૧૧ | તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન કેટલા કેસ નોધાયા અને કેટલા કેસોનો નિકાલ થયો તથા હાલમાં કેટલા કેસો પડતર છે? |
| **જવાબ** | તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતીએ **પંચમહાલ** જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન કુલ-૨૪૩ કેસ નોંધાયા અને કુલ-૧૩૯ કેસોનો નિકાલ થયો તથા હાલમાં કુલ-૧૧૭૬ કેસો પડતર છે |

**મેઈન પેજ પર જાઓ**